ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૩-૨૦૧૨, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

વણનોતર્યા મહેમાન : કેંદ્ર સરકારની ડિપ્લોમેટિક મજબૂરી

પાક વડાપ્રધાન રાજા પરવેઝ અશરફને મજમેરના ખ્વાજા શરીરની ઝિયારત કરવાનો વિચાર આવ્યો તેની પાછળ શુધ્ધ ધાર્મિક લાગણી કરતાં ગણતરીપૂર્વકની કૂટનીતિ હોવાનો તર્ક સમજી શકાય એવો છે. રાજા અને એમનું રાજ્ય - બંને હાલકડોલક સ્થિતિમાં છે. પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય સ્તરે એની શાખ ગુમાવી દીધી છે. અમેરિકા એને આતંકવાદના ઉછેરકેંદ્ર તરીકે ઓળખાવ્યા પછી પણ વ્યૂહાત્મક કારણોસર મદદ કરતું રહે છે. ચીન માટે એ હાથવગું હથિયાર બની ચૂક્યું છે. અરબી સમુદ્રમાં ચીનનો વાજતે ગાજતે પ્રવેશ કરાવી પાકિસ્તાને એની લુચ્ચાઇનું પ્રદર્શન કરી દીધું છે. બીજી તરફ પાકિસ્તાનમાં વર્તમાન રાષ્ટ્રપ્રમુખ અને વડાપ્રધાન બેઉ ન્યાયપાલિકાની નજરે ગુનેગાર છે. બેઉના હાથમાં સત્તા સરકી જવાની ઘડીઓ ગણાઇ રહી છે. પૂર્વ રાષ્ટ્રપ્રમુખ જનરલ મુશરફ એમનો દેશવટો સંકેલી લાવલશ્કર સાથે સ્વદેશ પરત ફરવાની તૈયારીઓ કરી રહ્યાં છે. લશ્કર કોની તરફેણ કરશે તે હજી નક્કી નથી. દુનિયાભરમાં વગોવાઇ ગયેલ પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા 'આઇએસઆઇ' હિંદુસ્તાન સાથે સતત ઠંડુ યુધ્ધ ચાલુ રાખવાની સ્ટ્રેટેજી અમલી બનાવી રહેલ છે. ખૂંખાર ત્રાસવાદીઓ તૈયાર કરીને એમને ભારતમાં ઘુસાડવાની રણનીતિ એને અને પાક આર્મીએ માફક આવી ગઇ છે. કાશ્મીરનું જૂનું ગાણું ગાવાથી એમને આંતરરાષ્ટ્રીય હ્યુમન રાઇટ્સના પુરસ્કર્તાઓનું સમર્થન સાંપડતું રહે છે. રાજા પરવેશ અશરફે અજમેર આવી એમનો દેશ અને દુનિયા માટે અમનચૈનની દુવા માગી. પરંતુ બે મહિના પહેલાં જ આ દેશના બે સૈનિકોની નિર્દયતાપૂર્વક હત્યા કરીને એ પૈકીના એક હેમરાજનું તો માથું કાપીને પાક રેન્જરો લઇ ગયા હતા, એ મુદ્દે દેશ આખો પાક સરકાર વિરૂધ્ધ ઊકળી ઊઠેલો છે - એની ખબર હોવા છતાં પાક વડાપ્રધાન ઠંડા કલેજે ધાર્મિક યાત્રાના બહાને ભારત આવે છે, તે શું સૂચવે છે? કોઇએ એમને નોતરૂં નહોતું આપ્યું કે નહોતી એમની સાથે કોઇ ડિપ્લોમેટિક ચર્ચા કરવાની તૈયારી દર્શાવી. હજી તો એક દિવસ પહેલાં જ વડાપ્રધાન ડો. મનમોહનસિંહે રાજ્યસભામાં સ્પષ્ટ શબ્દોમાં જ્યાં સુધી ભારતમાં આતંકવાદ ફેલાવવાની પ્રવૃત્તિ પર અંકુશ નહીં મૂકે ત્યાં સુધી પાક સાથે વાતચીત કરવાની ભારતની કોઇ જ ઇચ્છા નહીં હોવોનું નિવેદન પણ કર્યું હતું. ખુદ દરગાહનાં વડા ખાદિમે પરંપરાગત સ્વાગતમાં હાજર નહીં રહેવાની જાહેરાત કરી હતી અને અજમેરના વકીલો તેમજ વેપારીઓએ તેમજ પ્રજાજનોએ પાક વડાપ્રધાનને કાળા ઝંડા બતાવી 'પાછા જાઓ' કહી હડધૂત કર્યા. એ જુદી વાત છે કે આંતરરાષ્ટ્રીય રાજકીય વિવેક દાખવી કેન્દ્ર સરાકરે જયપુર ખાતે પાક વડાપ્રધાન અને એમનાં રસાલાને ડિપ્લોમેટિક લંચ આપ્યું. પરંતુ ન તો એમની સાથે કોઇ ચર્ચા કરાઇ કે ન એમને એક રાષ્ટ્રના વડા તરીકે મળવાપાત્ર સન્માન અપાયું. 'માન ના માન, મૈં તેરા મહેમાન' જેવી સ્થિતિ સરજીને પાક વડાપ્રધાને જાતે જ અપમાનજનક સ્થિતિમાં મુકાવાનું કેમ પસંદ કર્યું હશે તે મુદ્દે આંતરરાષ્ટ્રીય રાજકારણના અઠંગ અભ્યાસીઓ પણ માથાં ખંજવાળી રહ્યાં છે. પરવેઝ અશરફનો ઇરાદો ફક્ત ખ્વાજાના દરબારમાં હાજરી ભરવાનો હતો, એ ગળે ઊતરે એવી નથી. પાકિસ્તાન એના આ વ્યૂહાત્મક પગલા મારફત પાડોશી રાષ્ટ્ર સાથે પોતે મધુર સંબંધો જાળવી રાખવા ઉત્સુક છે, એવો આંતરરાષ્ટ્રીય 'ડિપ્લોમેટિક મેસેજ' મોકલવા માંગે છે. ભારતનાં સૈનિકો સાથેની બદસલૂકીના મુદ્દે લશ્કરી વડા જન.વિક્રમસિંહે એમની નારાજગી ખુલ્લંખુલ્લા વ્યક્ત કરી દીધી છે. પાક વડાપ્રધાનને ભારત આવવા દેવાની મંજૂરી આપવાનો નિર્ણય સરકારનો હતો અને ભારતીય સેનાએ પોતાની લાગણી તથા ચિંતા યોગ્ય જગ્યાએ સમયસર પહોંચાડી દીધી હોવાનું જણાવી સરસેનાપતિએ ઉમેર્યું હતું કે સરહદ પર છમકલાં ચાલુ રહેશે તો 'અમે કંઇ બંગલીઓ નથી પહેરી'. શું આટલી ચીમકી જ પાકિસ્તાન અને ભારત - બેઉની 'સરકારો' માટે સૂચક નથી?

આર.એન. લલિતકલા એકેડમી દ્વારા સાધના ૨૦૧૩ કાર્યક્રમ યોજાયો

(તસવીર : મિતેષ મોદી)

ગાંધીનગર, તા. ૧૦

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત લલિતકલા દ્વારા સાધના ૨૦૧૩ કાર્યક્રમ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી ડૉ. ભરતભાઈ એ પટેલના અધ્યક્ષ સ્થાને ખીમજી વિસરામ હોલ ખાતે યોજાઈ ગયો.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન.લલિતકલા એકેડમી દ્વારા સ્કેટીંગ, કરાટે, ભરતનાટયમ, કથક, શાસ્ત્રીય ગાયન જેવી વિવિધ પ્રવૃત્તિઓને લગતા અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. આ તમામ કલાઓમાં નિપૂર્ણતા પ્રાપ્ત કરેલા વિદ્યાર્થીઓને લઈને લલિતકલા દ્વારા રવિવારે બપોરે ૨.૩૦ કલાકે ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન, સેકટર-૨૩ ખાતે સાધના ૨૦૧૩નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ સહિત તેમના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે નાયબ સચિવ, રમતગમત યુવી અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ભાવેશ એરડા, આંકડા મદદનીશ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી, ગાંધીનગરના શ્રીમતી મેઘલ એરડા, પી.એ. ટુ એડીશનલ કલેકટરશ્રી, ગાંધીનગરના શ્રીમતી દિવ્યાબેન પંડ્યા, ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન ડૉ.વીણાબેન પટેલ, સેકટર-૨૩ના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન લલિતકલાના એકેડમી આચાર્યા દિનાબેન ડોડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

'શ્રીમદ્ ભગવતગીતા અને ભારતીય દાર્શનિક પરંપરાઓ' વિષય પર સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર અને ભારતીય શિક્ષણ મંડળ, ગુજરાતના સંયુકત ઉપક્રમે 'શ્રીમદ્ ભગવતગીતા અને ભારતીય દાર્શનિક પરંપરાઓ' વિશે એક દિવસીય જ્ઞાનક્ષત્ર યુનિવર્સિટી હોલમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાંથી સંસ્કૃતિના પ્રાધ્યપકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર સેકટર-૧૫માં આવેલ કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર અને ભારતીય શિક્ષણ મંડળ, ગુજરાતના સંયુકત ઉપક્રમે 'શ્રીમદ્ ભગવત ગીતા અને ભારતીય દાર્શનિક પરંપરાઓ' વિશે એક દિવસીય જ્ઞાનસત્ર સવારે ૯.૩૦ કલાકે યુનિવર્સિટીના હોલમાં રાષ્ટ્રપતિ પુરસ્કૃત વિદ્વાન ડૉ. રમાકાન્ત શુકલના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયું.

એક દિવસીય જ્ઞાનસત્રના ઉદ્‌ઘાટન કડી સર્વ વિદ્યાલયના ડાયરેકટર ડી.ટી. કાપડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે મુખ્ય મહેમાન તરીકે ભારત શિક્ષણ મંડળના મંત્રી ડૉ. વી.વી. ગોગટે, ડૉ. અંબાલાલ પ્રજાપતિ, કડી સર્વ વિદ્યાલયના કુલસચિવ એસ.કે. મંત્રાલા, ભારતીય શિક્ષણ મંડળ ગાંધીનગરના અધ્યક્ષ ડૉ. મનુભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યાં હતા.

ડૉ. વિજય ડી. પંડયાએ મહાભારતા એક લાખશ્લોકોમાં ૭૦૦ શ્લોકો મહાભારતના પટાંગણમાં શ્રીમદ ભગવતગીતા રંગમંચ છે. ગીતા બીજ છે અને મહાભારતએ ગીતાનું ભવિષ્ય લેખાવ્યું હતું.

ભાગ્યેશભાઈ જહાએ 'વર્તમાન સમસ્યાઓમાં ગીતા માર્ગદર્શન' એ વિશે પોતાના વ્યકતવ્યમાં કહ્યું હતું કે ગીતે સંદેશ એ ભગવાન કૃષ્ણનો આ શંખનાદ છે. જેમાં આપણામાં રહેલી દુર્બળતા રૂપે, વ્યભિચાર રૂપે,

વર્તમાન સમસ્યાઓમાં ગીતાનું માર્ગદર્શન ખૂબ જ ઉપયોગી છે : ભાગ્યેશ જહા

ભ્રષ્ટ્રાચારરૂપે, દુર્ગુણ રૂપે રહેલી નપુસકતાને છોડો આગળ વધવા કહ્યું હતું.અને વર્તમાન સમસ્યાઓમાં ગીતાનું માર્ગદર્શન ઉપયોગી છે. તેમણે ગીતામાંથી મેનેજમેન્ટના પાંચ સિધ્ધાંતો પણ જણાવ્યા હતા. વધુમાં તેમણે યુદ્ધભૂમિ પર કહેવાયેલું હોવાથી ગીતાનું જ્ઞાન વાસ્તવિક છે.

આયોજિત વ્યાખ્યાન સત્રમાં ડૉ. સોમભાઈ પટેલ, રાષ્ટ્રપતિ પુરસ્કૃત વિદ્વાન ડૉ. વિજય ડી. પંડ્યા, રજનભાઈ ભટ્ટ, ડૉ. અંબાલાલ પ્રજાપતિ, ભાગ્યેશભાઈ જહા દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે સંસ્કૃત કવિગોષ્ઠીમાં ડૉ. રમાકાન્ત શુકલ, ડૉ. રાજેન્દ્રનાણાંવટી, ડૉ. અંબાલાલ પ્રજાપતિ, ડૉ. યોગીનીબેન પંડ્યાએ પોતાની કૃતિઓ પ્રગટ કરી હતી.

કાર્યક્રમની આભાર વિધી જિજ્ઞાસા જોશી દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના પ્રા. લલિત પટેલે કર્યું હતું.

આવો અંગ્રેજી શીખીએ
- ચેતના ભુચ

મિત્રો,

ગયા સપ્તાહમાં આપણે **Noun : Case** નો વિગતવાર અભ્યાસ કર્યો. જે અંગ્રેજી વ્યાકરણનું અગત્યનું અંગ છે. આજે **Noun : Gender** (જાતિ)નો અભ્યાસ કરીએ.

➜ અંગ્રેજીમાં ચાર જાતિ છે :

1. Masculine
2. Fimenine
3. Common
4. Nauter

(૧) જે નામ નર જાતિનું હોય તે **Masculine** હોય છે.
દા.ત. **Boy, Horse, Bull** વગેરે

(૨) જે નામ નારી બંનેમાં હોય તે **Fimenine Gender** વગેરે કહેવાય.
દા.ત. **Girl, Cow, Lady** વગેરે.

(૩) જે નામ નર અથવા નારી બંનેમાં હોય તેને **Common Gender** કહેવાય.
દા.ત. **Child, teacher, Person** વગેરે.

(૪) જે નામ નર કે નારીમાં ન હોય અને નિર્જીવ હોય તેને **Neuter Noun** કહેવાય.
દા.ત. **table, Chair, Book** વગેરે.

(૧) નીચેના ચાર પ્રકારે નરજાતિનાં નામોમાં નારીજાતિનાં રૂપો બને છે :

e.g :
Host - Hostess
Lion - Lioness
Peer - Peeress
Priest - Priesess

(૨) નર જાતિનાં નામને છેડે **ess** લગાડતાં પહેલાં, તેનાં છેલ્લાં પદમાં થોડો ફેરફાર પણ થાય.

e.g :
God - Goddess
Prince - Princess
Actor - Actress
Tiger - Tigeress

(૩) કેટલાંક નામનાં વિશિષ્ટ ફેરફાર કરી તે

e.g :
Hero - Heroine
Wizard - Witch
Sultane - Sultana

(૪) બીજા જ શબ્દોનો ઉપયોગ કરીને :

e.g :
Boy - Girl
Ox - Cow
Lord - Lady

(૫) કેટલાક નામોમાં આગળ કે પાછળ ફેરફાર કરીને નર કે નારી દર્શાવાય.

e.g. :
Bull - calt Cow - calt
Bride - groom Brode
Man - Servan Maid - Servant

★ પરિચયાત્મક શબ્દો :

મિત્રો, આજે આ વિભાગમાં **Medical** - તબીબી જગતને લગતાં શબ્દોનો પરચિય મેળવીએ

Oculist - ઑક્યુલીસ્ટ - આંખોનાં સ્પેશિયાલીસ્ટ
Fainting - ફેઇન્ટિંગ - મૂર્છા
Giddiness સીડીનેશ - ચક્કર
Contusion - કન્સટ્યુઝન - મૂઢમાર
Tetanus - ટીટનેશ - ધનુર્વા
Stupe - સ્ટુપે - દવાનું પોતું

ગાંધીનગર જિલ્લાના નિવૃત્ત શિક્ષકો ૩૦૦ રજાના લાભથી વંચિત રહેતા અસંતોષ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત સરકાર દ્વારા ૩૦૦ રજા અંગે પરિપત્ર કર્યો છે પરંતુ તેમાં સ્પષ્ટતાના અભાવે વેકેશન કર્મચારીઓને ૩૦૦ રજાનો રોકડમાં લાભ મળતો નથી. નિવૃત્ત મંડળ દ્વારા પરિપત્ર અંગે સ્પષ્ટતા કરવા માટે રજૂઆત કરી છે.

ગાંધીનગર જિલ્લાના નિવૃત્ત વેકેશન કર્મચારીઓ ૩૦૦ રજાથી વંચિત રહેતા શિક્ષકોમાં અસંતોષની લાગણી પ્રવર્તી છે. છેલ્લા પાંચ વર્ષથી નિવૃત્ત શિક્ષકોને લેણી રજાનો લાભ મળતો નથી. કેટલાક જિલ્લામાં રિકવરીના હુકમો કાઢવામાં આવ્યા છે. સરકાર દ્વારા અગાઉ શિક્ષકોને ૩૦૦ રજાનો લાભ આપવામાં આવતો હતો તેને ચાલુ રાખવા માટે રાજય પ્રાથમિક શિક્ષક સંઘ અને નિવૃત્ત મંડળ દ્વારા રજૂઆત કરવા છતાં દરેક જિલ્લામાં તેના અમલની એકસૂત્રતા જોવા મળતી નથી. ગાંધીનગર જિલ્લાના નિવૃત્ત શિક્ષકો રજાના લાભથી વંચિત છે તેનો અસંતોષ જોવા મળે છે.

આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં તાજેતરમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાથમિક તથા માધ્યમિક કક્ષાએ એસ.એસ. પટેલ બી.એડ. કોલેજ દ્વારા સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે 'ભારતના યુવાનોને આપેલો સંદેશ' વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં આર.એન. પટેલ શાળાના કવન ઠાકરનો પ્રથમ નંબર આવ્યો હતો તેને વિજેતા થવા બદલ શિલ્ડ અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યો હતો. શાળા પરિવારે અને આચાર્ય એ વિજેતા વિદ્યાર્થીને આ પ્રસંગે અભિનંદન પાઠવ્યા હતા.

એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળામાં સ્ટોરી ટેલીંગ સ્પર્ધા સંપન્ન

ગાંધીનગર, તા.૧૦

એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળાના ઉચ્ચ પ્રાથમિક વિભાગના ધોરણ-૬, ૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે તા. ૫મી માર્ચે સ્ટોરી ટેલીંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાના બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કથન કલાને પ્રદર્શિત કરી હતી.

સ્ટોરી ટેલીંગ સ્પર્ધામાં શાળાની હસ્તી પટેલે સુંદર હાવભાવ અને સ્પષ્ટ ઉચ્ચાર સાથે વાર્તા કથન કરી પ્રથમ નંબર મેળવ્યો હતો. શાળાના વત્સલ ઓઝાએ દ્વિતીય નંબર અને પ્રાચી પુરોહિતે તૃતીય નંબર મેળવી પોતાનું કથન કૌશલ્ય રજૂ કર્યું હતું. સમગ્ર સ્પર્ધાનું આયોજન શાળાના આચાર્યા મિલિ સિંઘના માર્ગદર્શન હેઠળ દરેક શિક્ષકોએ સફળ રીતે સંપન્ન કર્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી થઈ ગઈ... હાશ, આપણી જવાબદારી પૂરી થઈ...

સમાજ ચિંતન
- પોપટલાલ એસ પ્રજાપતિ

૮ માર્ચ 'આંતરરાષ્ટ્રીય' દુનિયાભરમાં શાનદાર રીતે ઉજવાયો. મહિલાઓ પ્રત્યે આદર અને સન્માનની લાગણી જગાવવાનો પ્રયાસ કદાચ આ ઉજવણી પાછળ હોય તેવું અનુમાન કરી શકાય. વિશ્વની વાત જવાદો આ બાબતે વિશ્વ ઉદારમતવાદી છે. ત્યાં ભારત જેવી પરંપરાવાદી વિચારધારાઓ નથી ત્યાં 'યત્ર નાર્યસ્તુ પુજયન્તે રમન્તે તત્ર દેવતા' ના નારા ગજવાતા નથી. ત્યાં મંદોદરી, અનસુયા, સીતા કે દ્રોપદી જેવી સતીઓ પેદા નથી થઈ. ત્યાં 'નારીને નારાયણી' તું રૂપ નથી અપાયું. ત્યાં કણ્વઋષિએ શકુંતલાની વિદાય વખતે એવા ઉપદેશો નથી આપ્યા કે બેટા, તારો પતિ તારી અવગણના કરે, અપમાનિત કરે તોય તુ વિપરીત વર્તન કરીશ નહી. વિપરીત વર્તન કરનારી બે કુળને દુખી કરે છે. ત્યાં કોઈની પવિત્રતાની પરીક્ષા માટે અગ્નિ કસોટીઓ કરવામાં નથી આવી. ત્યાં પતિના મૃત્યુ બાદ સતિ થવાના રીવાજો નહોતા. અહિં નારીના શીલનું મુલ્ય બહુ ઉંચુ અંકાતુ. અહિં નારીની રક્ષા કાજે પક્ષીઓએ પણ બલિદાન આપ્યા છે. મતલબ કે આ દેશની સંસ્કૃતિની ગૌરવગાથા મસ્તક ઉંચું રાખીને ગાઈ શકાય તેવી હતી. આવો ભવ્ય ભુતકાળ ધરાવતા દેશને વળી મહિલા દિવસ ઉજવવાની જરૂર કેમ પડી? શું આપણી ગૌરવગાથાઓ પરથી આપણો વિશ્વાસ ઉઠી ગયો છે? આપણી સંસ્કૃતિ પરથી આપણી શ્રદ્ધા ડગી ગઈ છે? આ દેશમાં નારીને જગદંબાનું સ્વરૂપ કહી સાહિત્યકારોએ તેને શક્તિ સ્વરૂપા કહી નવાજી છે. પણ હવે આ જગદંબાઓના છડે ચોક વસ્ત્રાહરણ થઈ રહ્યાં છે. તેમના આત્મસન્માન પર કુઠારઘાત થઈ રહ્યા છે. દર્દથી પીડાઈ તે ચીસો પાડે છે, આર્તનાદ કરે છે પણ આ ચીસો સાંભળવાની આપણને ફુરસદ નથી. ગૃહખાતાના અહેવાલો અનુસાર ૨૦૦૯થી ૨૦૧૧ દરમ્યાન ત્રણ જ વર્ષમાં દેશમાં બળાત્કારના ૬૮ હજાર કેસો નોંધાયા છે તેમાંથી માત્ર ૧૬ હજાર બળાત્કારીઓને જ જેલના સળિયા પાછળ ધકેલાયા છે. દિલ્હીમાં ૨૩ વર્ષની યુવતિ પર થયેલા ગેંગરેપની ઘટના બાદ લોકો સડકો પર ઉતરી આવ્યા, તીવ્ર વિરોધ થયો પણ ત્યારબાદ બે જ માસના ગાળામાં એ જ દિલ્હીમાં ૧૫૦ ઉપરાંત બળાત્કારના કેસો નોંધાયા તેવું મીડિયા ચીસો પાડી જણાવે છે પણ આપણી સંવેદનશીલતા બુઠી થઈ ગઈ છે. કોણ જાણે આપણી માનસિકતા કેમ લાગણી શૂન્ય બનતી જાય છે? તાતા સ્ટ્રેટેજીક મેનેજમેન્ટના સર્વે અનુસાર કુર્કમ અને દહેજ કારણે થતા મૃત્યુમાં દિલ્હી સૌથી મોખરે છે. અને અહીં આપણી રાજધાની છે.પ્રશ્ન એ છે કે ફક્ત ઉચા આદર્શની વાતો કરવાની કે એક દિવસ પૂરતો મહિલા દિવસ ઉજવવાથી સ્ત્રીની ગરીમા ઉજાગર થશે? સમાજશાસ્ત્રીઓ સામે પડકારજન્ય બાબત એ છે કે સમાજમાં વકૃતિ ખુદ વિકૃત બનતી જઈ રહી છે. ત્યાં સંસ્કૃતિની રખેવાળી કેવી રીતે કરી શકાય?

આપણી માનસિકતા ચિંતા પ્રેરક બનતી જઈ રહી છે. આપણે પુરુષ પ્રધાન સમાજ સ્ત્રીઓના મહત્વને સ્વીકારે છે પણ તેના આધિપત્યનો સ્વીકાર કરવા તૈયાર નથી. આપણે ઈચ્છીએ છીએ કે પત્ની નોકરી કરે પણ નોકરી ઉપરાંત ઘરકામની જવાબદારી, બાળઉછેરની જવાબદારી, સામાજિક જવાબદારીમાંથી તેને મુક્ત કરતા નથી. ઓફિસમાં પણ તે અમુક હદથી વધારે છૂટથી વર્તન ન કરી શકે. કોઈની સાથે આત્મિય સંબંધો ન બાંધી શખે. પતિ અને પત્નિ બંને નોકરી કરતા હોય તો પણ ઘરે આવી સાંજની રસોઈ તેમજ ઘરે આવેલ મહેમાનોની આગતા સ્વાગતા પણ પત્નિએ જ કરવાની. ક્યારેક ઘરમાં વધુ માણસો હોય તો દરેકના અલગ ટેસ્ટની રસોઈ અલગ અલગ કરવી, દર મહિનાનો પગાર પતિના હાથમાં આપી દેવો, ઘર ખર્ચનો હિસાબ રાખવો. બાળકોના શિક્ષણનું ધ્યાન રાખવું. સવારે વહેલા ઉઠવું અને રાત્રે પણ સૌથી મોડા સુવું તે સ્ત્રીની જવાબદારીમાં આવી જાય છે. ઉપરાંત રસ્તે જતા આવતા થતી અભદ્ર કોમેન્ટો કે વાસનાભરી દૃષ્ટિથી બચતા રહેવું. ઓફિસમાં થતી ટીકા ટીપ્પણીને હસી મજાકમાં ગણી લેવી આટલી સાવધાની રાખ્યા પછી પણ જીવતી બાળી નાખવાનો ભય કે દહેજ બાબતે મહેણાં ટોણા સહન કરવાની ક્ષમતા કેળવવી જ પડે. તેણે પતિના પગલે ચાલી પતિપરાયણ બની રહેવાનું શાસ્ત્રમાં કહેવાયું છે. આમાં પતિના કોઈ જવાબદારી આવતી નથી... આ બધી સામાન્ય લાગણી બાબતો એ નિર્દેશ કરે છે કે પુરુષો હંમેશા નારી પર આધિપત્ય બરકરાર રાખે છે. નારીના સમર્પણ છતાં એના પર જુલ્મ અને અત્યાચારનો દોર સદીઓથી ચાલ્યો આવે છે. પણ તેને રસોડાની રાણી કે નારાયણી કહી એક દિવસ મહિલા દિવસની ઉજવણી કરી આપણી ફરજ પુરી થયાનો આત્મસંતોષ મેળવી લઈએ છીએ. એમ કહેવાયું છે કે દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે પણ સફળ સ્ત્રી પાછળ પુરુષોના સમર્થનની કોઈ વાત કરતું નથી. નારી જીવનભર ફિનીક્સ પંખીની જેમ જીવે છે. રાખનો ઢગલો થાય છે અને ફરી પાછી પુનર્જીવન પામે છે. એને સતત ડર અને અજંપામાં જીવવું પડે છે. ઘરમાં, ઓફિસમાં, જાહેર સ્થળે કે મંદિરમાં તેના અસ્તિત્વને સાચવી ડગ માંડવાના છે. અને છતાં સાહિત્યાકારો તેનો જયજયકાર કરે છે તેની ગૌરવગાથા ગાઈ તેને ભ્રમમાં જીવતી રાખે છે 'નારી તુ નારાયણી...'

નારીના ગૌરવને પુનઃ સ્થાપિત કરવા આપણી સડી ગયેલી માનસિકતા પર કપઠારઘાત કરવો જરૂરી છે. નારીના આત્મસન્માન પર ઘા કરનાર પરીબળો પર કસાઈ બની ત્રાટકવાનો સમય આવી ગયો છે કાયદાનો કોઈને ડર નથી. સમાજનામાં વધી રહેલી વિકૃતિ નાથવા માટેનો કોઈ કારગત ઉપાય છે ખરો? પછી વિશ્વ મહિલા દિવસ ઉજવી આપણી જવાબદારી પુરી થાય છે? કોણ વિચારશે.?

'કબ તક ચુ બહારોમેં પતઝડ કા ચલન હોગા
કલિયોં કી ચિંતા હોગી, ફૂલોંકા હવન હોગા...'